Seat No. : ____________

# AO-126

**April-2024**

**M.Com., Sem.-II**

**EE-412 : Cost Accounting-II**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. બીના લિ.ની વાર્ષિક ઉત્પાદન શક્તિ 15000 એકમોની છે. વર્ષ 2023-24 માટે સામાન્ય ઉત્પાદન શક્તિનો ઉપયોગ 80% અંદાજેલ છે. પડતરને લગતી માહિતી નીચે મુજબ છે : **14**

| વિગત : | ₹ |
|---|---|
| એકમદીઠ વેચાણ કિંમત | 200 |
| **એકમદીઠ ચલિત ખર્ચા :** | |
| પ્રત્યક્ષ માલસામાન | 60 |
| પ્રત્યક્ષ મજૂરી | 30 |
| કારખાના શિરોપરી ખર્ચ | 10 |
| **વાર્ષિક સ્થિર ખર્ચા :** | |
| કારખાનાના ખર્ચા | 2,40,000 |
| વહીવટી ખર્ચા | 3,00,000 |
| વેચાણ વિતરણ ખર્ચા | 1,20,000 |

કંપનીની વર્ષ 2023-24ની અન્ય વિગતો નીચે મુજબ છે :

| | |
|---|---|
| શરૂનો સ્ટોક : | 3000 એકમો |
| વેચાણ : | 12000 એકમો |
| આખરનો સ્ટોક : | 6000 એકમો |

વર્ષ 2023-24 માટે સમાવેશી પડતર પદ્ધતિ અને સીમાંત પડતર પદ્ધતિ મુજબ પત્રક બનાવી નફો શોધો. બંને નફાની મેળવણીનું પત્રક પણ તૈયાર કરો.

**અથવા**

1. આર્યા લિ. કંપની તમને વર્ષ 2022-23 અને 2023-24 સંબંધિત નીચે પ્રમાણે માહિતી પૂરી પાડે છે : **14**

| વર્ષ | વેચાણ (₹) | નફો (₹) |
|---|---|---|
| 2022-23 | 12,00,000 | 15,000 |
| 2023-24 | 15,00,000 | 75,000 |

ગણતરી કરો :

(1) નફા જથ્થાનો ગુણોત્તર
(2) સ્થિર ખર્ચ
(3) સમતૂટ બિંદુ (₹)
(4) 2023-24ના વર્ષમાં સલામતીનો ગાળો (₹) અને (%)માં
(5) આવતા વર્ષમાં ₹ 1,00,000 અપેક્ષિત નફો કમાવવા માટે જરૂરી વેચાણ
(6) આવતા વર્ષે વેચાણ કિંમતના 10% નફો કમાવવા માટે જરૂરી વેચાણની રકમ
(7) જો સ્થિર ખર્ચમાં 20% વધારો થાય અને સલામતીનો ગાળો 25% જાળવી રાખવો હોય તો જરૂરી વેચાણ

@geniusguruji

2. યુગ લિ. ત્રણ પેદાશ A, B, Cનું ઉત્પાદન અને વેચાણ કરે છે. તે નીચેની માહિતી પૂરી પાડે છે : 14

| વિગત | A | B | C |
|---|---|---|---|
| (1) બજારમાં પેદાશની મહત્તમ માંગ (એકમો) | 12000 | 15000 | 16000 |
| (2) એકમદીઠ વેચાણ કિંમત (₹) | 105 | 200 | 256 |
| (3) એકમદીઠ કાચો માલસામાન (₹) | 25 | 30 | 35 |
| (4) એકમદીઠ મજૂરી (₹) | 20 | 60 | 80 |
| (5) એકમદીઠ ચલિત શિરોપરી ખર્ચ (₹) | 30 | 50 | 85 |

કાચા માલસામાનની કિલોગ્રામ દીઠ કિંમત ₹ 5 તથા કલાકદીઠ મજૂરીનો દર ₹ 10 છે. આ ત્રણેય વસ્તુઓ માટે કંપની સમાન પ્રકારના માલસામાન અને કામદારોનો ઉપયોગ કરે છે. કુલ સ્થિર ખર્ચા ₹ 14,00,000 અંદાજવામાં આવ્યા છે.

નીચેના બે સ્વતંત્ર કિસ્સામાં શ્રેષ્ઠ ઉત્પાદન મિશ્રણની ગણતરી કરો અને નફો શોધો :

(1) જ્યારે મહત્તમ પ્રાપ્ય માલસામાન 220000 કિલોગ્રામ જ હોય.

(2) જ્યારે મહત્તમ પ્રાપ્ય કામદાર સમય 226000 કલાકો જ હોય.

**અથવા**

2. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) આયુષી લિ. બે વસ્તુ "A" અને "B"નું ઉત્પાદન કરે છે. Aની એકમદીઠ વેચાણ કિંમત ₹ 300 છે અને ચલિત પડતર એકમદીઠ ₹ 240 છે. Bની એકમદીઠ વેચાણકિંમત ₹ 200 છે અને ચલિત પડતર એકમદીઠ ₹ 160 છે. Aના એક એકમના ઉત્પાદન માટે 10 યંત્ર કલાક વપરાય છે. જ્યારે Bના એક એકમના ઉત્પાદન માટે 15 યંત્ર કલાક વપરાય છે. કારખાનામાં કુલ 6000 યંત્ર કલાકો પ્રાપ્ય છે. કંપની બજારમાં A અને B દરેકના મહત્તમ 300 એકમો જ વેચી શકે તેમ છે. 7

ફાળો મહત્તમ કરવા માટે સુરેખ આયોજનની આલેખ પદ્ધતિ દ્વારા વસ્તુ "A" અને "B"ના ઉત્પાદનનું ઇષ્ટ મિશ્રણ નક્કી કરો.

(2) સુરેખ આયોજન એટલે શું ? સુરેખ આયોજનની મર્યાદાઓ સમજાવો. 7

3. રનબીર લિમિટેડ જે હાલમાં 70% ઉત્પાદન શક્તિએ કામ કરી રહી છે, તેની નફાકારકતાની માહિતી નીચે મુજબ છે : 14

| વિગત | (₹) | (₹) |
|---|---|---|
| વેચાણ | – | 8,40,000 |
| પડતર : | – | – |
| પ્રત્યક્ષ માલસામાન | 2,45,000 | – |
| પ્રત્યક્ષ મજૂરી | 1,68,000 | – |
| ચલિત શિરોપરી ખર્ચા | 42,000 | – |
| સ્થિર શિરોપરી ખર્ચા | 2,35,000 | 6,90,000 |
| નફો → | | **1,50,000** |

@geniusguruji

કંપનીને એક નિકાસ ઓર્ડર મળ્યો છે, જે દ્વારા કારખાનાની કુલ શક્તિના 40% ઉત્પાદનશક્તિનો ઉપયોગ થાય તેમ છે. ઓર્ડરના ભાગ પાડી શકાય તેમ નથી એટલે કે તે સંપૂર્ણ સ્વીકારીને સ્થાનિક સામાન્ય કિંમત કરતાં 10% ઓછી કિંમતે પૂરો પાડવો પડે અથવા સંપૂર્ણપણે નકારવામાં આવે.

સંચાલકો પાસે પ્રાપ્ય વિકલ્પો નીચે મુજબ છે :

(1) નિકાસ ઓર્ડર નકારવો અને હાલમાં સ્થાનિક વેચાણ છે તે જ ચાલુ રાખવું.

(2) નિકાસ ઓર્ડર સ્વીકારીને પૂરી ઉત્પાદનશક્તિને 40% વિદેશના ઓર્ડર અને 60% સ્થાનિક ઓર્ડર વચ્ચે વહેંચી દેવી તથા વધારાની સ્થાનિક માંગને નકારવી.

(3) ઉત્પાદનશક્તિ વધારવી, જેથી નિકાસ ઓર્ડર સ્વીકારી શકાય અને હાલનું સ્થાનિક વેચાણ જાળવી શકાય, જે માટે વધારાનું સાધન ખરીદવું, જે દ્વારા ઉત્પાદન શક્તિમાં 10% વધારો થશે અને સ્થિર ખર્ચામાં ₹ 45,000 વધારો થશે.

(4) નિકાસ ઓર્ડર નકારવો અને હાલની સ્થાનિક કિંમતમાં 5% ઘટાડો કરીને સ્થાનિક બજારમાં 100% ઉત્પાદન ક્ષમતા જેટલું વેચાણ હાંસલ કરવું

નફાકારકતાના તુલનાત્મક પત્રકો તૈયાર કરો અને શ્રેષ્ઠ વિકલ્પ સૂચવો.

**અથવા**

3. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(a) "બનાવવું કે ખરીદવું" અંગેનો નિર્ણય વિગતે સમજાવો. **7**

(b) "ધંધો બંધ કરવાનો નિર્ણય" ઉદાહરણ સહિત સમજાવો. **7**

4. "જરૂરી સમયે જ" (JIT) અભિગમ એટલે શું ? તેના લાભો અને તેને અમલમાં મૂકવા સામેના અવરોધો વિગતે ચર્ચો. **14**

**અથવા**

4. નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(a) "વસ્તુના જીવનચક્રના તબક્કા" આકૃતિ સહિત વિગતે સમજાવો. **7**

(b) "ઉત્પાદનના સાધનોનું આયોજન-2 (MRP)-II"નો ખ્યાલ સમજાવો. **7**

5. નીચેના દરેક પ્રશ્ન માટે આપેલા વિકલ્પોમાંથી સાચા જવાબની પસંદગી કરો : (કોઈપણ સાત) **14**

(1) નીચેના સૂત્રની મદદથી શું શોધી શકાય ?
= ખરેખર વેચાણ – સલામતિનો ગાળો

(a) સમતૂટ બિંદુ (b) ફાળો
(c) સ્થિર ખર્ચ (d) આમાંથી એકપણ નહિ

(2) સમાવેશી પડતર પદ્ધતિમાં ઉત્પાદનની પડતર ________ હોય છે.

(a) સીમાંત પડતર પદ્ધતિ કરતાં વધુ (b) સીમાંત પડતર પદ્ધતિ કરતાં ઓછી
(c) સીમાંત પડતર પદ્ધતિ જેટલી (d) આમાંથી એકપણ નહિ

(3) સુરેખ આયોજનમાં ________ મહત્ત્વનું પરિબળ છે.

(a) અવરોધકો (b) પડતર
(c) ફાળો (d) આમાંથી એકપણ નહિ

(4) સુરેખ આયોજનનો સૌપ્રથમ ઉપયોગ ________માં કરવામાં આવ્યો હતો.

(a) 1947માં અમેરિકાના હવાઈદળ (b) 1962માં ભારતીય હવાઈદળ
(c) 1903માં અમેરિકાની ફોર્ડ કંપની (d) 1950માં જાપાનની ટોયેટો કંપની



@geniusguruji

(5) જ્યારે માલસામાન મર્યાદિત કરતું પરિબળ હોય ત્યારે વસ્તુની નફાકારકતા નીચેનામાંથી કયા આધારે નક્કી થાય છે ?

(a) પી.વી. ગુણોત્તર
(b) કિલોદીઠ ફાળો
(c) એકમદીઠ ફાળો
(d) કલાકદીઠ ફાળો

(6) એક યંત્ર દ્વારા X અને Y બે પેદાશોનું ઉત્પાદન કરવા અનુક્રમે એકમદીઠ 8 કલાક અને 4 કલાકનો સમય લાગે છે. જો વધુમાં વધુ 3600 કલાકો જ ઉપલબ્ધ હોય તો, નીચેનામાંથી કયું સાચું છે ?

(a) $8X + 4Y = 3600$
(b) $8X + 4Y \leq 3600$
(c) $8X + 4Y \geq 3600$
(d) આમાંથી એકપણ નહિ

(7) પેદાશ જીવનચક્રના કયા તબક્કામાં બજાર પર કબજો જમાવવા પેઢી નીચો ભાવ રાખે છે અને વધુ ઉત્તેજન ખર્ચની વ્યૂહરચના અપનાવે છે ?

(a) વિકાસના તબક્કામાં
(b) પ્રવેશના તબક્કામાં
(c) પરિપક્વતાના તબક્કામાં
(d) આ બધા જ

(8) તફાવત પડતર સંબંધ ધરાવે છે

(a) ડૂબેલી પડતર સાથે
(b) સંબંધિત પડતર સાથે
(c) ઐતિહાસિક પડતર સાથે
(d) આમાંથી એકપણ નહિ

(9) નીચેનામાંથી કયું લક્ષણ સંબંધિત પડતરનું છે ?

(a) તે ઐતિહાસિક પડતર છે.
(b) તે ડૂબેલી પડતર છે.
(c) તે ભવિષ્યની પડતર છે.
(d) આમાંથી એકપણ નહિ

(10) નીચેના પૈકી કઈ પદ્ધતિમાં સૌપ્રથમ એવી વેચાણ કિંમત નક્કી કરવામાં આવે છે, કે જે ગ્રાહકો ચૂકવવા માટે તૈયાર હોય ?

(a) સીમાંત પડતર પદ્ધતિ
(b) સમાવેશી પડતર પદ્ધતિ
(c) લક્ષાંક પડતર પદ્ધતિ
(d) સંબંધિત પડતર પદ્ધતિ

(11) નીચેના પૈકી કયો 'JIT' અભિગમનો મુખ્ય અવરોધ છે ?

(a) ગોડાઉનની સમસ્યા
(b) બજારની સમસ્યા
(c) માલ પૂરો પાડનારાઓની સમસ્યા
(d) આમાંથી એકપણ નહિ

(12) માલસામાન જરૂરિયાત આયોજન-1 (MRP-I) એ :

(a) પ્રણાલિકાગત અભિગમ છે.
(b) ઉત્પાદન, માર્કેટિંગ, નાણાકીય વગેરે સંબંધિત આંતરવિભાગીય અભિગમ છે.
(c) ફક્ત ઉત્પાદનના સંદર્ભમાં આયોજન સંબંધિત કમ્પ્યૂટર આધારિત અભિગમ છે.
(d) આમાંથી એકપણ નહિ

@geniusguruji

Seat No. : ______________

# AO-126

**April-2024**

**M.Com., Sem.-II**

**EE-412 : Cost Accounting-II**

**Time : 2½ Hours]** **[Max. Marks : 70**

1. Bina Ltd. has production capacity of 15000 units per year. Normal production capacity utilization is estimated 80% for the year 2023-24. Information related to cost is as below : **14**

| **Particulars :** | **₹** |
|---|---|
| Selling price per unit | 200 |
| **Variable Expenses per unit :** | |
| Direct material | 60 |
| Direct labour | 30 |
| Factory Overheads | 10 |
| **Yearly Fixed Costs :** | |
| Factory Expenses | 2,40,000 |
| Administrative expenses | 3,00,000 |
| Selling and Distribution expenses | 1,20,000 |

Other details of the company for the year 2023-24 are as below :

| | | |
|---|---|---|
| Opening stock : | 3000 | Units |
| Sales : | 12000 | Units |
| Closing stock : | 6000 | Units |

Prepare statement under Absorption cost method and Marginal cost method for the year 2023-24 and find the profit. Also prepare reconciliation statement of both the profit.

**OR**

1. Arya Ltd. Co. provides you the following information for the year 2022-23 and 2023-24 : **14**

| **Year** | **Sales (₹)** | **Profit (₹)** |
|---|---|---|
| 2022-23 | 12,00,000 | 15,000 |
| 2023-24 | 15,00,000 | 75,000 |

**Calculate :**

(1) Profit-Volume ratio

(2) Fixed cost

(3) Break-even-point (₹)

(4) Margin of safety for the year 2023-24 in (₹) and (%)

(5) Sales required to earn expected profit of ₹ 1,00,000 in the next year.

(6) Sales required to earn 10% profit on sales in the next year

(7) Sales required, if fixed cost is increased by 20% and margin of safety is to be maintained at 25%.

@geniusguruji

2. Yug Ltd. produces and sells three products A, B and C. It provides the following information : 14

| Particulars | A | B | C |
|---|---|---|---|
| (1) Maximum market demand of the product (Units) | 12000 | 15000 | 16000 |
| (2) Selling price per unit (₹) | 105 | 200 | 256 |
| (3) Raw materials per unit (₹) | 25 | 30 | 35 |
| (4) Labour per unit (₹) | 20 | 60 | 80 |
| (5) Variable overheads per unit (₹) | 30 | 50 | 85 |

Price of raw material per kg. is ₹ 5 and Rate of labour per hour is ₹ 10. The company uses same materials and workers for all the three products. Total fixed expenses are estimated ₹ 14,00,000.

Calculate the best production mix in each of the following two independent cases and find out profit :

(1) When maximum available Materials is 220000 kilograms.

(2) When maximum available Labour time is 226000 hours.

**OR**

2. Answer the following questions :

(1) Ayushi Ltd. produces two products "A" and "B". The selling price of A is ₹ 300 per unit and variable cost is ₹ 240 per unit. The selling price of B is ₹ 200 per unit and variable cost is ₹ 160 per unit. 10 machine hours are utilized for producing one unit of A, while 15 machine hours are utilized for producing one unit of B. Only 6000 machine hours are available in the factory. The company can sell maximum 300 units of A and B each in the market. 7

Determine the optimum production mix of "A" and "B" to maximize the contribution using graphical method of linear programming.

(2) What is linear programming ? Explain limitations of linear programming. 7

3. Ranbir Ltd. works at 70% production capacity at present. The information of its profitability are as follows : 14

| Particulars | (₹) | (₹) |
|---|---|---|
| Sales | – | 8,40,000 |
| **Costs :** | – | – |
| Direct material | 2,45,000 | – |
| Direct labour | 1,68,000 | – |
| Variable overheads | 42,000 | – |
| Fixed overheads | 2,35,000 | 6,90,000 |
| **Profit →** | | **1,50,000** |

@geniusguruji

The company has received an export order that would utilize 40% production capacity of the total capacity of the factory. The order cannot be divided. So that the order has either to be taken in full and executed at 10% below the normal domestic price or rejected totally.

The alternatives available to management are given below :

(1) Reject the export order and continue with the domestic sales only, as at present.

(2) Accept the export order and split the full production capacity between 40% for export order and 60% for domestic sales by rejecting excess domestic demand.

(3) Increase the production capacity so as to accept the export order and also to maintain the present domestic sales by purchasing an equipment that will increase production capacity by 10% and increase fixed cost by ₹ 45,000.

(4) Reject the export order and achieve the sales upto 100% production capacity in domestic market by reducing 5% in present domestic price.

Prepare comparative statements of profitability and suggest the best alternative.

**OR**

3. Answer the following questions :

(a) Explain in detail "Make or Buy" Decision. **7**

(b) Explain with illustration "Shut-down Decision". **7**

4. What is "Just In Time" (JIT) approach ? Discuss its benefits and obstacles to implementation of 'JIT' in detail. **14**

**OR**

4. Answer the following questions :

(a) Explain in detail "Stages of Product Life Cycle" with diagram. **7**

(b) Explain concept of "Manufacturing Resource Planning (MRP)-II". **7**

5. Select the correct answer from given alternatives of each question : (Any **Seven**) **14**

(1) What is derived by using the following formula ?

= Actual Sales – Margin of safety

(a) Break-even-point (b) Contribution

(c) Fixed cost (d) None of these

(2) Production cost under absorption costing is ________.

(a) higher than marginal costing (b) lower than marginal costing

(c) equal to marginal costing (d) None of these

(3) ________ is the important factor in linear programming.

(a) Constraints (b) Cost

(c) Contribution (d) None of these

(4) Linear programming was first used in ________.

(a) American Air Force in 1947 (b) Indian Air Force in 1962

(c) Ford company of America in 1903 (d) Toyota Company of Japan in 1950

@geniusguruji

(5) When material is a limiting factor, profitability of a product is decided on which of the following basis ?

(a) P.V. Ratio
(b) Contribution per kilogram
(c) Contribution per unit
(d) Contribution per hour

(6) For producing two products X and Y by a machine, requires 8 hours and 4 hours per unit respectively. If, there are maximum only 3600 hours available, which of the following is correct ?

(a) $8X + 4Y = 3600$
(b) $8X + 4Y \leq 3600$
(c) $8X + 4Y \geq 3600$
(d) None of these

(7) At which stage of product life cycles, to capture the market does the firm keeps the price low and adopts more stimulus spending strategy ?

(a) In Growth stage
(b) In Introduction stage
(c) In Maturity stage
(d) All of these

(8) Differential cost deals with –

(a) Sunk cost
(b) Relevant cost
(c) Historical cost
(d) None of these

(9) Which of the following is a characteristic of relevant cost ?

(a) It is historical cost.
(b) It is sunk cost.
(c) It is future cost.
(d) None of these

(10) In which of the following methods, first of all such selling price is determined, which customers are willing to pay ?

(a) Marginal costing
(b) Absorption costing
(c) Target costing
(d) Relevant costing

(11) Which one of the following is main obstacle of "JIT" approach ?

(a) Problems of warehouse
(b) Problems of Market
(c) Problems of suppliers
(d) None of these

(12) Material Requirement Planning-I (MRP-I) is :

(a) A traditional Approach
(b) An Inter departmental approach relating to production, marketing, Finance etc.
(c) A computer based approach relating to planning only in respect of production
(d) None of these

@geniusguruji